# અમેરિકાના નેવાડામાં ભયંકર દાવાનળ : હજારોનું સ્થળાંતર

**શનિવારે** શરૂ થયેલી જંગલની આગ રવિવાર વહેલી સવાર સુધીમાં તો દસ હજાર એકર વિસ્તારમાં ફેલાઇ ગઇ

**૧૪૦૦૦** ઘરો તાત્કાલિક ખાલી કરવા આદેશો, હાઇવેના કેટલાક ભાગો બંધ કરી દેવાયા



રેનો (અમેરિકા), તા. ૨૩(એપી): સિએરા ટેકરીઓમાંથી ઝડપથી ફેલાયેલી 'હોક ફાયર' રવિવારે વહેલી સવારે રેનો શહેરના મધ્ય ભાગ તરફ આગળ વધી હતી, જે વધીને ૧૦,૫૦૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાઈ ગઈ છે. લગભગ ૧૪,૦૦૦ ઘરોને તાત્કાલિક ખાલી કરવાના આદેશ આપવામાં આવ્યા હતા, અને GO NOW(તુરંત નીકળો) ઝોન યુનિવર્સિટી ઓફ નેવાડા કેમ્પસની સરહદ સુધી પહોંચી ગયો હતો.

વોશો કાઉન્ટી, નેવાડાના આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓએ વિસ્થાપિતો માટે 'રેનો-સ્પાર્ક્સ કન્વેન્શન સેન્ટર' ખુલ્લું મુક્યું હતું, પરંતુ તેમણે જણાવ્યું હતું કે લોકો પોતાના પાલતુ પ્રાણીઓને સાથે લાવી શકશે નહીં -- નાના અને મોટા પ્રાણીઓને અન્ય બે અલગ સ્થળોએ રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગવર્નર જો લોમ્બાર્ડોએ વોશો કાઉન્ટીમાં કટોકટી જાહેર કરી હતી અને બે હેલિકોપ્ટર ક્રૂ સાથે નેવાડા નેશનલ ગાર્ડને હવાઈ અગ્નિશમન કામગીરી માટે તેમજ ખાલી કરાવાયેલા વિસ્તારોમાં પોલીસને મદદરૂપ થવા માટે ૬૦ જવાનોને તૈનાત કર્યા હતા.

ટ્રકી મીડોઝ ફાયર એન્ડ રેસ્ક્યૂના નિવેદન અનુસાર, આ આગ શનિવારે શરૂ થઈ હોવાનું જણાય છે અને તેજ પવન, ઓછી ભેજવાળી હવા અને સૂકા ઘાસને કારણે આખો દિવસ ખૂબ જ ઝડપથી ફેલાઈ હતી. કેલિફોર્નિયા સરહદ પારથી પણ આ સંસ્થા આગ બુઝાવવાની કામગીરીમાં જોડાઈ હતી. ટ્રકી મીડોઝના નિવેદનમાં જણાવાયું છે કે, હાલમાં લગભગ ૪૦૦ કર્મચારીઓ આ ઘટના સ્થળે કામ કરી રહ્યા છે, જેમાં સ્થાનિક, રાજ્ય અને ફેડરલ એજન્સીઓના ગ્રાઉન્ડ સ્ટાફ અને એર રિસોર્સિસ સહિતના સંસાધનો એકઠા કરવામાં આવ્યા છે. રવિવારે વોશો કાઉન્ટીમાં લગભગ ૧૦,૦૦૦ ઘરો અને વ્યવસાયોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. આગના કારણે મુખ્ય ઉત્તર-દક્ષિણ હાઈવે એવા 'યુ.એસ. રૂટ ૩૯૫' ના કેટલાક ભાગો બંધ કરી દેવામાં આવ્યા હતા.



# કેરલમના ગુરુવાયુર મંદિરમાં સાત કલાકમાં રેકોર્ડ 416 લગ્ન થયાં

**મલયાલમ** મહિના ચિંગમના પહેલો રવિવાર લગ્ન માટે શુભ મનાતો હોવાથી મોટી સંખ્યામાં લગ્નો યોજાયા

8 સપ્ટેમ્બર 2024ના રોજ થયેલા 334 લગ્નોનો રેકોર્ડ આજના 416 લગ્નથી તૂટી ગયો

ગુરુવાયુર (કેરલમ્), તા. 23 (PTI) પ્રખ્યાત ગુરુવાયુર શ્રી કૃષ્ણ મંદિરમાં રવિવારે સાત કલાકમાં રેકોર્ડ 416 લગ્ન થયાં હતાં, જે એક જ દિવસમાં મંદિરમાં યોજાયેલાં લગ્નોની સૌથી વધુ સંખ્યા છે. એમ દેવસ્વમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ગુરુવાયુરમાં મલયાલમ મહિના ચિંગમના પહેલા રવિવારને લગ્ન માટે શુભ માનવામાં આવે છે, જેના પરિણામે આ દિવસે મોટી સંખ્યામાં લગ્નો યોજાયાં હતાં. ગુરુવાયુર દેવસ્વમે એક ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, રવિવારે 8 સપ્ટેમ્બર, 2024ના રોજ યોજાયેલાં 334 લગ્નોનો અગાઉનો રેકોર્ડ તૂટી ગયો હતો. દેવસ્વમે જણાવ્યું હતું કે, આ દિવસ માટે સ્પોટ બુકિંગ સહિત કુલ 442 લગ્નો નિર્ધારિત કરવામાં આવ્યાં હતાં.

વહેલી સવારે મંદિરના પૂર્વીય પ્રવેશદ્વાર પર પ્રથમ મંડપમાં દેવસ્વમ બોર્ડના અધ્યક્ષ એ. વી. ગોપીનાથે દીપક પ્રગટાવ્યા બાદ વિધિઓની શરૂઆત થઈ હતી. દેવસ્વમે જણાવ્યું હતું કે, લગ્ન સવારે 4.10 વાગ્યે શરૂ થયા હતા અને બપોરે 12.45 વાગ્યા સુધી ચાલુ રહ્યા હતા, સિવાય કે તે થોડા સમય માટે બંધ રહ્યા હતા જ્યારે ઉષાપૂજા અને પંથીરાડી પૂજા માટે મંદિર બંધ રહ્યું હતું.

## પેજ 3

### 'ટોક્સિક'ની ઇવેન્ટમાં અકસ્માત ! સ્પીકર સ્ટેન્ડ તૂટી પડતાં ચાર ચાહકો ઘાયલ



હૈદરાબાદ, તા. 23 : યશની ફિલ્મ 'ટોક્સિક'ની રિલીઝ પહેલાં એક ઇવેન્ટમાં અકસ્માત થઈ ગયો છે. ઇવેન્ટ દરમિયાન સ્પીકરનું એક સ્ટેન્ડ તૂટી પડ્યું હતું, જેનાથી ચાર ચાહકો ઘાયલ થઈ ગયા હતા. સાઇબરાબાદ પોલીસે 'ટોક્સિક' ફિલ્મની પ્રી-રિલીઝ ઇવેન્ટમાં થયેલા અકસ્માતમાં ઇવેન્ટના વેન્યૂ અને ઇવેન્ટ મેનેજર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. શનિવારે ઇવેન્ટ દરમિયાન સ્પીકરનું એક સ્ટેન્ડ તૂટી પડ્યું હતું, જેના પર કેટલાક લોકો ચડેલા હતા. જ્યારે આ ઘટના બની ત્યારે ફિલ્મના લીડ એક્ટર યશ મંચ પર હાજર હતા. પોલીસે જણાવ્યું કે, એક સ્ટુડન્ટ સહિત ચાર લોકો ઘાયલ થયા છે, જ્યારે પ્રી-રિલીઝ ઇવેન્ટ દરમિયાન સાઉન્ડ બોક્સ-સિસ્ટમ પડી ગયું હતું. આ ઇવેન્ટ શનિવાર રાતે મેડચલમાં મલ્લા રેડ્ડી યુનિવર્સિટી નામની એક પ્રાઇવેટ યુનિવર્સિટીમાં આયોજિત કરવામાં આવી રહી હતી.

### જો નિકમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર ન હોત તો તેની સાથે પ્રેમ થયો જ ન હોત : પ્રિયંકા ચોપરા



મુંબઈ, તા. 23 : અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ કહ્યું છે કે, જો ગાયક-અભિનેતા નિક જોનાસે તેની સંસ્કૃતિનો આદર ન કર્યો હોત તો તે તેને પ્રેમ ન કરી શકી હોત. પ્રિયંકાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, બહુભાષી/બહુસંસ્કૃતિ ધરાવતા સંબંધોમાં તમારા જીવનસાથીના મૂળ (પરંપરા) પ્રત્યે આદર હોવો અત્યંત મહત્ત્વપૂર્ણ છે. અભિનેત્રીએ નિક સાથેના તેનાં લગ્ન અને તેમના સંબંધોમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓની ભૂમિકા વિશે વાત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. એક ઇન્ટરવ્યૂમાં પ્રિયંકાએ કહ્યું, "જો તેણે (આદર) ન કર્યો હોત તો મને ખબર નથી કે હું તેને પ્રેમ કરી શકી હોત કે નહીં. બહુસાંસ્કૃતિક હોય તેવા કોઈપણ સંબંધ અથવા વાર્તાનો આ એક મોટો હિસ્સો છે. મને લાગે છે કે તમારા જીવનસાથીના મૂળ પ્રત્યે આદરની લાગણી હોવી ખરેખર ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

### ફેક ન્યૂઝ ફેલાવનારાઓને ગોવિંદાની રૂ. 100 કરોડના માનહાનિના કેસની ધમકી



મુંબઈ, તા. 23 : ગોવિંદાએ પત્ની સુનીતા આહુજા અને પરિવાર સાથે જોડાયેલા બોગસ સમાચારો સામે નોંધ લીધી છે અને નોટિસ જારી કરીને 100 કરોડના માનહાનિના કેસની ચેતવણી આપી છે. ગોવિંદાએ એક જાહેર નોટિસ બહાર પાડીને કન્ટેન્ટ ક્રીએટર્સ, સોશિયલ મીડિયા યુઝર્સ, ડિજિટલ પ્લેટફોર્મ્સ, મીડિયા અને પબ્લિશિંગ હાઉસને તેમના પરિવાર વિરુદ્ધ બોગસ, ભ્રામક અને એઆઈ દ્વારા તૈયાર કરાયેલા કન્ટેન્ટ શેર ન કરવાની ચેતવણી આપી છે. ગોવિંદાની આ નોટિસ સુનીતા આહુજા અને રાખી સાવંત વચ્ચે થયેલી એ વાતચીત વાયરલ થયાના એક દિવસ પછી આવી છે, જેમાં સુનીતાએ દાવો કર્યો હતો કે, તેમણે પોતાની છૂટાછેડાની અરજી એટલા માટે પાછી ખેંચી લીધી કારણ કે તેમને જાણવા મળ્યું હતું કે ગોવિંદા અને અભિનેત્રી કોમલ રાણી સ્વર્ણકાર લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા હતા.

# અમેરિકાના હવાઈ ટાપુ તરફ આગળ વધતું 'મોકે' વાવાઝોડું

**બિગ** આઇલેન્ડ પર ભારે વરસાદ અને તીવ્ર પવન ફૂંકાવાની શક્યતા

**અહીં** થોડા સમય પહેલા જ 'લાલા' વાવાઝોડાથી ભારે વિનાશ સર્જાયો હતો



હોનોલુલુ (અમેરિકા), તા. 23(એપી): વિષુવવૃતિય વાવાઝોડું 'મોકે' શનિવારે હવાઈ તરફ આગળ વધ્યું હતું, જેના કારણે બિગ આઈલેન્ડ પર વધુ ભારે વરસાદ અને તીવ્ર પવનના ફૂંકાવાની શક્યતા છે. અહીંના રહેવાસીઓ અગાઉ હરિકેન 'લાલા'ના કારણે થયેલા ભારે પૂર અને વિનાશક પવનની અસરો સામે હજી ઝઝુમી રહ્યા છે ત્યારે આ નવુ વાવાઝોડું આવી રહ્યું છે.

પ્રશાંત મહાસાગરમાં શુક્રવારે સર્જાયેલું 'મોકે' વાવાઝોડું હિલોથી દક્ષિણ-પૂર્વમાં લગભગ 680 કિલોમીટર દૂર સ્થિત હતું અને 19 કિમી પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું હતું. નેશનલ હરિકેન સેન્ટરના જણાવ્યા અનુસાર, તેના પવનની મહત્તમ સરેરાશ ઝડપ લગભગ 85 કિમી પ્રતિ કલાક હતી. હરિકેન લાલાની જેમ જ, શનિવાર મોડી રાતથી રવિવારની વહેલી સવાર દરમિયાન મોકે વાવાઝોડું દક્ષિણ તરફથી પસાર થતાં બિગ આઈલેન્ડ પર ભારે વરસાદ અને તીવ્ર પવનની સૌથી વધુ અસર થવાની અપેક્ષા હતી.

હોનોલુલુના નેશનલ વેધર સર્વિસના હવામાનશાસ્ત્રી કેસી ઓસ્વાન્ટે જણાવ્યું હતું કે, મોકે મંગળવારની વહેલી સવાર સુધી ટાપુઓ નજીક પશ્ચિમ તરફનો પોતાનો માર્ગ ચાલુ રાખશે તેવી આગાહી કરવામાં આવી હતી. લાલા વાવાઝોડાએ વૃક્ષો ધરાશાયી કર્યા હતા, મકાનોને પાયામાંથી ઉખાડી ફેંક્યા હતા, રસ્તાઓ અને પુલોને નુકસાન પહોંચાડ્યું હતું અને રસ્તાઓ કાદવ અને પથ્થરોથી ભરાઈ ગયા હતા. વાવાઝોડાને કારણે બે લોકોના મોત નોંધાયા હતા.દરિયાકાંઠા માટે કોઈ ચેતવણી કે એલર્ટ જારી કરવામાં આવ્યા નથી પરંતુ લોકોને વાવાઝોડાની ગતિવિધિઓ પર નજર રાખવા વિનંતી કરવામાં આવી છે.

# યુરોપના બાલ્ટિક દેશોમાં મોટું વાવાઝોડું ત્રાટકતાં બેનાં મોત

**ટ્રેન** અને મોબાઇલ સેવાઓ ખોરવાઇ, લાખો લોકો વીજળી વિહોણા

વોરસો, તા. ૨૩(AP): શનિવારે અને રવિવારની સવાર સુધી આ વિસ્તારમાં ત્રાટકેલા શક્તિશાળી ચક્રવાત, ભારે વરસાદ અને તેજ પવનોને કારણે લાતવિયા અને લિથુઆનિયામાં બે લોકોના મોત થયા છે અને આશરે પાંચ લાખ લોકો વીજળી વગર અટવાયા છે.

લાતવિયન એન્વાયર્નમેન્ટ, જીઓલોજી એન્ડ મેટીરિઓલોજી સેન્ટરના એન્ડ્રિસ વિક્સનાએ APને જણાવ્યું કે, એના સમગ્ર પ્રભાવને જોતાં, ૨૦૦૫ પછી લાતવિયામાં આવેલું આ સૌથી ભયાનક વાવાઝોડું હોય તેવું લાગે છે.

શનિવારે સેન્ટ્રલ લાતવિયાના જેલગાવામાં બિલ્ડિંગનો એક ભાગ ધરાશાયી થતાં એક વ્યક્તિનું મોત થયું હતું, અને દેશભરમાં અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

અઢી લાખથી વધુ લોકો વીજળી વગર અટવાઈ પડ્યા હતા અને મોબાઈલ સેવાઓ પણ ખોરવાઈ ગઈ હતી. પડોશી દેશ લિથુઆનિયામાં પણ ઝાડ પડવાથી એક વ્યક્તિનું મોત થયું હતું. અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા અને રવિવારે સવારે ૨,૦૦૦૦૦ થી વધુ રહીશો વીજળી વગર રહ્યા હતા.

ભારે પવને એસ્ટોનિયાને પણ ઝાપટમાં લીધું હતું, જેમાં પશ્ચિમ અને ઉત્તર ભાગો તેમજ તેના ટાપુઓ સૌથી વધુ પ્રભાવિત થયા હતા. ટાપુઓ તરફ જતી ફેરી સેવાઓ ખોરવાઈ ગઈ હતી અને લાતવિયા તથા લિથુઆનિયાથી આવતી ટ્રેનો મોડી પડી હતી. ઉત્તર-પૂર્વ પોલેન્ડને પણ આ વાવાઝોડાની અસર થઈ હતી, જ્યાં ૧,૦૦,૦૦૦થી વધુ લોકો વીજળી વિહોણા થઈ ગયા હતા. લાતવિયન એન્વાયર્નમેન્ટ, જીઓલોજી એન્ડ મેટીરિઓલોજી સેન્ટરના વિક્સનાએ જણાવ્યું હતું કે, આમાં હવામાન પરિવર્તનના યોગદાનનું અત્યારે યોગ્ય રીતે મૂલ્યાંકન કરી શકાય તેમ નથી, પરંતુ એ શક્ય છે કે માનવસર્જિત જળવાયુ પરિવર્તનને કારણે ચક્રવાત સાથે સંકળાયેલા વરસાદની તીવ્રતા વધી ગઈ હોય. રવિવારે અને સોમવાર સુધીમાં પરિસ્થિતિમાં સુધારો થવાની ધારણા હતી.

# જાપાનમાં મધ્યમ તીવ્રતાનો ભૂકંપ: ટોકિયો પ્રદેશમાં ૩૭ને ઈજા

**મોટા** નુકસાનના અહેવાલ નહીં, અણુ વિદ્યુત મથકો સલામત

ટોક્યો, તા. ૨૩(AP): રવિવારે વહેલી સવારે પૂર્વ જાપાનમાં ટોક્યો વિસ્તાર સહિતના ભાગોમાં મધ્યમ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૩૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી મોટાભાગનાને સામાન્ય ઈજા થઈ હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. સુનામીનો કોઈ જ ભય નથી.

જાપાન મીટીરોલોજીકલ એજન્સીના જણાવ્યા અનુસાર, ભૂકંપની પ્રાથમિક તીવ્રતા ૫.૯ નોંધાઈ હતી અને તેનું કેન્દ્રબિંદુ દક્ષિણ ઈબારાકી પ્રીફેક્ચરમાં ૭૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. જ્યારે યુ.એસ. જીઓલોજિકલ સર્વેએ ૫.ની તીવ્રતા નોંધી હતી. પ્રાંતિય અધિકારીઓ અને ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીના જણાવ્યા મુજબ, વિસ્તારના પાંચ પ્રાંતોમાં થઈને ઓછામાં ઓછા ૩૭ લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમાં ટોક્યોમાં ૧૫, સાઈતામામાં નવ, કનાગાવામાં આઠ, ચિબામાં ચાર અને ઈબારાકીમાં એક વ્યક્તિનો સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મોટાભાગના લોકો ઊંઘમાં હોવાથી અચાનક આવેલા આંચકાથી ગભરાઈને પથારીમાંથી બહાર નીકળવા જતાં નીચે પડી જવાથી અથવા ફર્નિચર કે દરવાજા સાથે અથડાવાથી ઘાયલ થયા હતા.

ટોક્યો અને નારીતા એરપોર્ટને જોડતી એક્સપ્રેસ ટ્રેનો તથા ઉત્તર-પૂર્વ વિસ્તારોની સ્થાનિક ટ્રેનો સેવાઓમાં વિલંબ થયો હતો, પરંતુ શિંકાનસેન બુલેટ ટ્રેનો સામાન્ય રીતે ચાલી રહી હતી, તેમ તેના ઓપરેટર ઈસ્ટ જાપાન રેલ્વે કંપનીએ જણાવ્યું હતું. વડાપ્રધાન સાનાઈ તાકાઈચીએ 'X' પર જણાવ્યું કે નુકસાનના પ્રમાણનું મૂલ્યાંકન કરવા માટે સરકારે એક ટાસ્ક ફોર્સની રચના કરી છે. એનએચકે ફૂટેજ અનુસાર, ટોક્યોના પૂર્વ વોર્ડ કોટોમાં ભૂગર્ભ પાણીની પાઈપલાઈન તૂટી જતાં રસ્તા પર પાણી ફરી વળ્યું હતું. જોકે, પાઈપનું સમારકામ કરી દેવામાં આવ્યું છે અને લીકેજ બંધ થઈ ગયું છે. ન્યુક્લિયર રેગ્યુલેશન ઓથોરિટીએ જણાવ્યું કે, પરમાણુ સામગ્રી ધરાવતા લગભગ એક ડઝન જેટલા પરમાણુ ઉર્જા પ્લાન્ટ અને અન્ય સુવિધાઓમાંથી કોઈ અસામાન્ય ઘટનાના અહેવાલ મળ્યા નથી.

ગયા મહિને, જાપાનના દક્ષિણના આઈલેન્ડ ક્યુશુ પર આવેલા કુમામોટો વિસ્તારમાં ૭.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૩૮ લોકોનાં મોત થયા હતા અને ૩૬૪ લોકો ઘાયલ થયા હતા.

# માલદીવમાં ભારતની સહાયવાળા સૌથી મોટા ઇન્ફ્રા પ્રોજેક્ટમાં મોટી પ્રગતિ

**માલદીવની** રાજધાની માલેની વિલિંગિલી ટાપુ સાથે જોડતો પુલનો અંતિમ બ્રીજ સેગમેન્ટ ગોઠવી દેવાયો

**માલદીવના** ત્રણ ટાપુઓને જોડતા કનેક્ટિવિટી પ્રોજેક્ટ માટે ભારતે ગ્રાન્ટ અને ધિરાણ આપ્યા છે

માલે, તા. ૨૩(PTI): માલદીવની રાજધાની માલેને વિલિંગિલી દ્વીપ સાથે જોડતો અંતિમ બ્રિજ સેગમેન્ટ વિધિવત રીતે ગોઠવી દેવામાં આવ્યો છે. આ સાથે જ ભારતના ભંડોળવાળા કનેક્ટિવિટી પ્રોજેક્ટમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ(GMCP) હેઠળ, રાજધાની માલેને નજીકના વિલિંગિલી, ગુલ્હીફાલ્હુ અને થિલાફુશી ટાપુઓ સાથે જોડવા માટે ૬.૭૪ કિલોમીટર લાંબો પૂલ અને કોઝવે લિંક બનાવવામાં આવશે. વર્ષ ૨૦૨૧માં, ભારત દ્વારા ભંડોળ પુરુ પાડવામાં આવેલ આ કનેક્ટિવિટી પ્રોજેક્ટના અમલીકરણ માટે માલદીવ અને ભારત વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. માલદીવ સ્થિત ભારતીય દૂતાવાસે શનિવારે 'X' પર પોસ્ટ કર્યું હતું કે, ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ માટે એક મોટી સિદ્ધિ! માલેને વિલિંગિલી સાથે જોડતો અંતિમ બ્રિજ સેગમેન્ટ સત્તાવાર રીતે ગોઠવી દેવાયો છે - જે ટાપુઓ વચ્ચે સીમલેસ કનેક્ટિવિટી લાવવાની દિશામાં એક ડગલું વધુ નજીક લઈ જાય છે.

'થિલામાલે બ્રિજ' તરીકે પણ ઓળખાતો GMCP પ્રોજેક્ટ ભારત તરફથી ૧૦૦ મિલિયન ગ્રાન્ટ અને ૪૦૦ મિલિયન ડોલરની 'લાઈન ઓફ ક્રેડિટ' હેઠળ ભંડોળ અપાયેલ છે, જે માલદીવનો સૌથી મોટો ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે. થિલામાલે બ્રિજ પ્રોજેક્ટનો કોન્ટ્રેક્ટ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ ભારતની 'એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર'ને આપવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટનું ૭૫ ટકાથી વધુ કામ હવે પૂર્ણ થઈ ગયું છે. આ પ્રોજેક્ટમાં ત્રણ પ્રાથમિક બ્રિજ લિંક્સનો સમાવેશ થાય છે: માલે અને વિલિંગિલી વચ્ચેનું જોડાણ, વિલિંગિલી અને ગુલ્હીફાલ્હુ વચ્ચેની લિંક, અને ગુલ્હીફાલ્હુથી થિલાફુશીને જોડતો પૂલ. માલદીવ સ્થિત ભારતીય હાઈકમિશને અગાઉ જણાવ્યું હતું કે પૂર્વ પ્રમુખ ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહના શાસનકાળ દરમિયાન શરૂ થયેલા આ બ્રિજમાં વિશ્વના કોઈપણ બ્રિજના સૌથી ઊંચા 'પ્રિકાસ્ટ સેગમેન્ટ્સ' છે.

# ગિરિડીહ, હઝારીબાગમાં પોલીસ-વિદ્યાર્થીઓ વચ્ચે અથડામણ

**28** નામજોગ અને 900 અજાણ્યા લોકો સામે 3 એફઆઈઆર નોંધાઇ

રાંચી, તા. 23 (પીટીઆઈ): ઝારખંડના ગિરિડીહ અને હઝારીબાગમાં પોલીસ અને વિરોધ પ્રદર્શન કરી રહેલા નોકરીના ઉમેદવારો વચ્ચે ફાટી નીકળેલી હિંસક અથડામણ થઈ હતી, જેમાં 28 નામજૂદ અને 900થી વધુ અજાણ્યા લોકો સામે ત્રણ એફઆઈઆર નોંધવામાં આવી છે. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આ ઘટનાક્રમ રાંચીના કોટવાલી પોલીસ સ્ટેશનમાં સરકારી કામમાં અવરોધ ઊભો કરવા અને પોલીસ સાથે અથડામણ કરવા બદલ 14 નામજૂદ અને 200 અજ્ઞાત લોકો સામે ત્રણ એફઆઈઆર નોંધાયાના એક દિવસ પછી સામે આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે, ગિરિડીહમાં શુક્રવાર અને શનિવારે થયેલી અથડામણના સંદર્ભમાં ટાઉન પોલીસ સ્ટેશનમાં બે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી, જ્યારે સરકારી કામમાં અવરોધ ઊભો કરવા અને પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવા બદલ હઝારીબાગમાં બીજી એક એફઆઈઆર નોંધવામાં આવી હતી.

શુક્રવારે ઝારખંડ ભરતી પરીક્ષામાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ કરી રહેલા હજારો વિદ્યાર્થીઓ મુખ્યમંત્રી હેમંત સોરેનનું પૂતળું બાળવા માટે ગાંધી મેદાનમાં એકઠા થયા હતા, જ્યાં આંદોલનકારીઓ અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી. હઝારીબાગ સદર ડીએસપી રૂપેક કુમાર સિંહે જણાવ્યું હતું કે, હઝારીબાગ જિલ્લામાં 21 ઓગસ્ટે સોરેનનું પૂતળું બાળવાનો પ્રયાસ કરતી વખતે સરકારી કામમાં અવરોધ ઊભો કરવા અને પોલીસકર્મીઓ પર હુમલો કરવા બદલ કોરા પોલીસ સ્ટેશનમાં 18 નામજૂદ આરોપીઓ અને 700 અજાણ્યા લોકો સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી. અધિકારીએ કહ્યું હતું કે, "અમે સદર સીઓ આશુતોષ કુમારની અરજીના આધારે એફઆઈઆર નોંધી છે." કોરા પોલીસ સ્ટેશનના પ્રભારી નેમધારી રજકે જણાવ્યું હતું કે, અત્યાર સુધી આ મામલે કોઈની અટકાયત કે ધરપકડ કરવામાં આવી નથી, પરંતુ પોલીસ અસામાજિક તત્ત્વોને ઓળખવા માટે સીસીટીવી અને વીડિયો ફૂટેજની તપાસ કરી રહી છે.

# આઈફોન જ નહીં પણ કૌટુંબિક વિખવાદ પણ કિશોરની આત્મહત્યા માટે જવાબદાર

છત્રપતિ સંભાજીનગર તા. ૨૩ : અહીંના તીસગાંવ વિસ્તારમાં ખડક પરથી કૂદીને આત્મહત્યા કરનાર 19 વર્ષીય કુણાલ ચાંડગુડે એક વર્ષ પહેલા આ જ સ્થળેથી આત્મહત્યાનો પ્રયાસ કરી ચૂક્યો હતો અને તેની પાછળ તેના મોટા ભાઈના મૃત્યુ પછી થયેલા કૌટુંબિક વિખવાદ અને તેના માતાપિતા વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોએ તેમાં ભાગ ભજવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. શુક્રવારે નવા આઈફોન અંગેનો વિવાદમાં એક કિશોરે ટેકરી પરથી કૂદીને આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેના પિતા પણ તેને રોકવાના પ્રયાસમાં ટેકરી પરથી પડતા તેમના મોત થયા હતા અને તે પછી કિશોરની માતાએ પણ ટેકરી પરથી ઝંપલાવી આત્મહત્યા કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, છ વર્ષ પહેલાં એક બીમારીને કારણે દંપતીના મોટા પુત્રનું મૃત્યુ થયા પછી કૌટુંબિક વિખવાદ શરૂ થયો હતો. ડ્રાઈવર તરીકે કામ કરતા પિતા કામમાં ડૂબી ગયા.